# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmall.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૨/ક્વા-૦૨/૨૦૧૯-૨૦/ 5061-3 તારીખ : 30-7-19

રજી. એડી. પત્ર

પ્રતિ,
કમલેશ જેતશી વાઢેર
પરેશ નગર, સાઈબાબાનાં મંદિર પાછળ, છાયા,
મું. પો. : પોરબંદર, તા. : પોરબંદર, જી. : પોરબંદર,
પીન કોડ. : ૩૬૦૫૭૫
મોબાઈલ : ૯૪૨૬૪ ૭૭૪૪૪, ૯૪૦૯૧૭૭૪૪૪

વિષય : પુરવણી બીલ બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૫-૦૬-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૨/ક્વા-૦૨/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, પોરબંદર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, પોરબંદર શહેર.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ઉદ્યોગનગર પોરબંદર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૨/ક્વા-૨/ ૧૯-૨૦/** **તા.**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૦૨/ક્વા-૨/૧૯-૨૦

| | |
|---|---|
| અરજદાર: | કમલેશભાઈ જેતશીભાઈ વાઢેર ગામ: પોરબંદર |
| રજૂઆત કરનાર: | અરજદાર કમલેશભાઈ જેતશીભાઈ વાઢેર હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – પોરબંદર શહેર |
| રજૂઆત કરનાર: | કાર્યપાલક ઈજનેર શ્રી ડી. વિ. લાખાણી પીજીવીસીએલ વિભાગીય કચેરી – પોરબંદર શહેર |

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ |
| તારીખ: | ૨૩-૦૭-૨૦૧૯ (મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૩-૦૭-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર કમલેશભાઈ જેતશીભાઈ વાઢેર ગામ –પોરબંદર- તેઓની અરજીના નોંધણી નં: ૦૨/ક્વા-૨/૧૯-૨૦ માં જણાવે છે કેતેઓ ગ્રાહક નં. – ૮૫૯૧૯/૦૧૧૨૦/૩ થી ઘરવપરાશ વીજજોડાણ ઘરાવે છે, તા.૦૯–૦૪–૧૯ ના રોજ મીટર રીડર દ્વારા બીલ બનાવવા આવેલ – ત્યારે રીડીંગ વધુ જણાતા બીલ બીજા દિવસે આપેલ અને જણાવેલ કે મીટર ફાસ્ટ છે, જેથી તા.૧૧–૦૪–૧૯ ના રોજ સદર મીટર ફાસ્ટ ની રજૂઆત ના અનુસંધાને બદલાવેલ. જે મીટરની ચકાસણી લેબોરેટરીમાં તા.૧૦–૦૫–૧૯ ના રોજ કરવામા આવેલ હતી, જેમા મીટર યોગ્ય જણાવેલ. સદર બાબતે સામેવાળા દ્વારા પેન્ડીગ યુનીટ ની બીલ ની રકમ રૂ.૧,૩૮,૨૬૪/૬૨ નુ પુરવણીબીલ અપાયેલ છે. જે બાબતે અરજદાર દ્વારા જણાવેલ કે – મીટર રીડર દ્વારા દરેક બીલ મીટર ના રીડીંગ જોઈને બનાવવામા આવતા હોય છે, તે મુજબ આપવામા આવતુ બીલ – સમયમર્યાદામાં ભરપાઈ પણ કરવામા આવતુ હોય – પેન્ડીગ યુનીટ નુ બીલ અન્યાયકર્તા હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- ગ્રાહકશ્રી કમલેશભાઈ જેતાશીભાઈ વાઢેર ગ્રા.નં.૮૫૯૧૯/૦૧૧૨૦/૩ હેતુ રહેણાંક મુકામ: પરેશનગર સાઈબાબા મંદીર પાછળ છાંયા તા/જી.પોરબંદર ની કચેરી દ્વારા આપવામાં આવેલ પેન્ડીંગ યુનિટ ૧૭૦૩૧ ના બીલની રકમ રૂ. ૧૩૮૨૬૪=૬૨ બાબતે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોર્મ રાજકોટને સંબોધીને કરવામાં આવેલી રજૂઆત આ કચેરીને ઉપરોક્ત સંદર્ભથી મળેલ છે. જેનાં અનુસંધાને તેનો અહેવાલ નીચે મુજબ છે.

3.૧ અરજદાર ન સદર વીજ મીટર નુ વીજ બીલીગ તા.૦૯–૦૪–૧૯ ના રોજ મીટર રીડર દ્વારા૧૭૦૩૧ યુનીટ ના બીલની રકમ રૂ. ૧૩૮૨૬૪=૬૨ અપાયેલ છે. જે અનુસંધાને અરજદાર દ્વારા મીટર ફાસ્ટ ફરવા અંગે ની ફરીયાદ ના અનુસંધાને – સદર વીજ મીટર તા.૧૧–૦૪–૧૯ ના રોજ અરજદાર ની હાજરીમાં બદલાવેલ હતુ. સદર વીજ મીટર ની – મીટર ટેસ્ટીગ લેબોરેટરીમા ચકાસણી કરવા તા.૨૬–૦૪–૧૯, તા.૦૩–૦૫–૧૯, તા.૧૦–૦૫–૧૯ ના રોજ હાજર રહેવા અરજદાર ને જાણકારી આપેલ છે. જે અનુસંધાને તા.૧૦–૦૫–૧૯ ના રોજ અરજદાર ની હાજરીમાં સદર વીજ મીટર ની ચકાસણી કરવામા આવેલ લેબ રીપોર્ટ મુજબ – મીટર નો એકયુરેસી ટેસ્ટ યોગ્ય છે.

3.૨ અરજદાર ના લેઝર રીપોર્ટ મુજબ કરારીત વીજભાર – ૧.૫ કીવો છે, જયારે મીટર રીપ્લેસમેન્ટ સમયે કુલ વીજભાર ૪.૦૩૮ કીવો નોધાયેલ છે. જેમાં ૦૨ નંગ એરકન્ડીશન સામેલ છે. જે પરથી સદર અરજદાર દ્વારા તેઓના કરારીત વીજભાર કરતા વધુ વીજ ઉપકરણો જોડીને વધુ વીજવપરાશ કરેલ છે, તેમ જણાયેલ છે.

અરજદાર દ્વારા વર્ષ વાર સરેરાશ કરેલ વીજવપરાશી યુનીટ ની વિગત નીચે મુજબ છે.

| Sr. No | Year | Average Consumption | Yearly Consumption | Nos. of Bill issued during the year | Monthly/Bi-monthly Billing | Highest consumption |
|---|---|---|---|---|---|---|
| 1 | 2015 | 336 | 2080.18 | 6 | Bi-monthly | 366 |
| 2 | 2016 | 385 | 2373.24 | 6 | Bi-monthly | 478 |
| 3 | 2017 | 328 | 2081.41 | 6 | Bi-monthly | 373 |
| 4 | 2018 | 358 | 2255.29 | 6 | Bi-monthly | 445 |
| 5 | 2019 | 538 | 3784.27 | 3 | Bi-monthly | 1014 |

3.૫ પુરવણીબીલ તા.૨૭–૦૫–૧૯ અન્વયે સદર ગ્રાહકને કુલ ૧૭૦૩૧ યુનીટ નુ વીજબીલ અપાયેલ હતુ. તેમજ, ઉપરોકત વર્ષ વાઇઝ સદર અરજદાર ના સરેરાશ / મહતમ વીજવપરાશ મુજબ – અને સવાલવાળુ મીટર બદલ્યા બાદ નવા મીટર મા નોંધાયેલ પ્રતિ દિવસ સરેરાશ વીજવપરાશ ની ગણતરીને ધ્યાને લઈને – સદર ૧૭૦૩૧ પેન્ડીગ યુનીટ ને દ્રીમાસીક ૧૫–વીજબીલ મુજબ પ્રતિમાસ સરેરાશ વીજવપરાશ ૧૧૩૫ યુનીટ મુજબ વીજબીલ ની ગણતરી નીચે મુજબ કરેલ છે.

| Sr. No | Month | Units | FCA for corresponding month | FCA to be charged | ED for corresponding month |
|---|---|---|---|---|---|
| 1 | Feb-Mar billed in Apr.19 | 1135 | 1.90 | 2156.50 | 323.48 |
| 2 | Dec-Jan billed in Feb.19 | 1135 | 1.805 | 2048.68 | 307.30 |
| 3 | Oct-Nov billed in Dec-18 | 1135 | 1.71 | 1940.85 | 291.13 |
| 4 | Aug-Sep billed in Oct-18 | 1135 | 1.61 | 1827.35 | 274.10 |
| 5 | Jun-jul billed Aug-18 | 1135 | 1.62 | 1838.70 | 275.81 |
| 6 | Apr-May billed in Jun-18 | 1135 | 1.63 | 1850.05 | 277.51 |
| 7 | Feb-Mar billed in Apr.18 | 1135 | 1.63 | 1850.05 | 277.51 |
| 8 | Dec-Jan billed in Feb.18 | 1135 | 1.63 | 1850.05 | 277.51 |
| 9 | Oct-Nov billed in Dec-17 | 1135 | 1.63 | 1850.05 | 277.51 |
| 10 | Aug-Sep billed in Oct-17 | 1135 | 1.63 | 1850.05 | 277.51 |
| 11 | Jun-jul billed Aug-17 | 1135 | 1.755 | 1991.93 | 298.79 |
| 12 | Apr-May billed in Jun-17 | 1135 | 1.80 | 2043.00 | 306.45 |
| 13 | Feb-Mar billed in Apr.17 | 1135 | 1.76 | 1997.60 | 299.64 |
| 14 | Dec-Jan billed in Feb.17 | 1135 | 1.745 | 1980.58 | 297.09 |
| 15 | Oct-Nov billed in Dec-16 | 1135 | 1.73 | 1963.55 | 294.53 |
| | TOTAL | | | 29038.98 | 4355.85 |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| FCA calculated/charged in sp.bill Rs | 32358.9 |
| FCA calculated as above if units bifurcated Rs | 29038.98 |
| Amount to be Credited Rs. | 3319.92 |
| ED calculated/charged in sp.bill Rs | 18034.52 |
| ED calculated as above if units bifurcated Rs | 16060.35 |
| Amount to be Credited Rs. | 1974.17 |
| Total amount credited/refundable to the consumer | 5294.09 |

| If UNITS consider by bimonthly | Nos. of Bills | Energy charges per bill | Total amounts for 15 Nos. of the bills | Diff. of Energy charge | FCA+ED Amount to be credited | Total Amount to be Credited |
|---|---|---|---|---|---|---|
| 1135 | 15 | 5202 | 78030 | 9841.20 | 5294.09 | 15135.29 |
| 17031 | 1 | 87871.20 | | | | |

૩.૬ વધુમાં અરજદારનુ વિવાદીત મીટર બદલીને નવુ મીટર લગાવ્યા પછીનો વીજવપરાશ તા.૧૧–૦૪–૧૯ થી તા.૦૮–૦૬–૧૯ સુધીમાં એટલેકે ૫૮ દિવસમાં ૧૦૧૪ યુનીટ નો વીજવપરાશ નોંધાયેલ છે. જેથી, પ્રતિદીન સરેરાશ વીજવપરાશ ૧૭.૪૮ યુનીટ નો થાય છે. જે પરથી કહી શકાય કે – અરજદારના વીજવપરાશ મુજબ – અગાઉ મીટર રીડર દ્રારા વીજબીલ અપાયેલ નથી. આમ, ઉપરોક્ત કોષ્ટકો મુજબ – અરજદાર ને રૂ.૧૫,૧૩૫/૨૯ રીફંડ આપી શકાય.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર **કમલેશભાઈ જેતશીભાઈ વાઢેર**, ગામ: પોરબંદર ગ્રા.નં.૮૫૯૧૯/૦૧૧૨૦/૩ થી ૧.૫ કીવો ના વીજભારનુ ઘરવપરાશ વીજજોડાણ તા.૧૪–૦૮–૦૨ થી ધરાવે છે.

૪.૨ અરજદાર નુ સદર વીજમીટર નુ વીજ બીલીગ તા.૦૯–૦૪–૧૯ ના રોજ મીટર રીડર દ્રારા૧૭૦૩૧ યુનીટ ના બીલની રકમ રૂ. ૧૩૮૨૬૪=૬૨ અપાયેલ છે. જે અનુસંધાને અરજદાર દ્રારા મીટર ફાસ્ટ ફરવા અંગે ની ફરીયાદ ના અનુસંધાને – સદર વીજ મીટર તા.૧૧–૦૪–૧૯ ચેકીગ શીટ નં.– પીસીડી/૧૯/૦૨૪ થી મીટર બદલેલ, જેની વિગત નીચે મુજબ છે. સદર વીજ મીટર ની – મીટર ટેસ્ટીગ લેબોરેટરીમા ચકાસણી કરવા તા.૨૬–૦૪–૧૯, તા.૦૩–૦૫–૧૯, તા.૧૦–૦૫–૧૯ ના રોજ હાજર રહેવા અરજદાર ને જાણકારી આપેલ છે.

| Particulars | Old Meter replace Dt.11.04.19 | New Meter Install Dt.11.04.19 | Old Meter-As per MTLab Dt.10.05.19 |
|---|---|---|---|
| Make | Genus | Linkwell | Genus |
| Meter No | 01502712 | PGST 04320444 | 01502712 |
| Capacity | 05- 30A | 05- 30A | 05- 30A |
| C. Reading | 028729 | 000000 | 028729 |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

તા.૧૦–૦૫–૧૯ ના રોજ અરજદાર ની હાજરીમાં સદર વીજ મીટર ની ચકાસણી કરવામા આવેલ લેબ રીપોર્ટ મુજબ – મીટર નો એકયુરેસી ટેસ્ટ યોગ્ય છે. અને એમ.આર.આઈ. અહેવાલ લીધેલ છે. તેમજ એમ.આર.આઈ. અહેવાલ ના અભ્યાસ માટે જીનસ કંપનીમાં મોકલવુ, જેનો નિર્ણય ગ્રાહક તથા પીજીવીસીએલ ને બંધનકર્તા રહેશે. જે અનુસંધાને – જીનસ કંપની ના ઈમેઈલ તા.૨૧–૦૫–૧૯ મુજબ – સદર મીટર ના એમ.આર.આઈ. અહેવાલનો અભ્યાસ કરતા – મીટર યોગ્ય જણાયેલ છે.

૪.૪ સદર કેઈસ મા, સવાલવાળા મીટર ના ક્રમાંક નં.– 1502712 ના એમ.આર.આઈ. અહેવાલ મુજબ છેલ્લા ૧૨ માસ ની નોંધાયેલ વીજવપરાશી યુનીટ ની વિગત – તેમજ અરજદાર ને મીટર રીડર દ્વારા અપાયેલ વીજબીલ મુજબ નોંધાયેલ યુનીટ નીચે મુજબ જણાયેલ છે.

| AS PER BILLING CYCLE | | AS PER MRI | |
|---|---|---|---|
| BILLING DATE | CURRENT READING | DATE | CURRENT READING |
| 01-06-18 | 10182 | 01-06-18 | 23932.3 |
| | | 01-07-18 | 24908.1 |
| 02-08-18 | 10627 | 01-08-18 | 25477.3 |
| | | 01-09-18 | 26010.7 |
| 02-10-18 | 11021 | 01-10-18 | 26609.1 |
| | | 01-11-18 | 27274.3 |
| 03-12-18 | 11457 | 01-12-18 | 27671.7 |
| | | 01-01-19 | 27886.6 |
| 31-01-19 | 11698 | 01-02-19 | 28037.5 |
| | | 01-03-19 | 28171.8 |
| 09-04-19 | 11698 (F) | 01-04-19 | 28515.5 |
| M/C 11-04-19 | 28729 | 10-05-19 | 28729.4 |

૪.૫ સદર કેઈસ મા, એમ.આર.આઈ. અહેવાલ મુજબ ના રીડીગ તથા મીટર રીડર દ્વારા બીલમાં દર્શાવેલ મીટર રીડીગ નો અભ્યાસ કરતા મીટર રીડર દ્વારા સંપુર્ણપણે બેદરકારીથી મીટર રીડીગ કરવામા આવેલ છે. જેના હિસાબે અરજદારના મીટરમાં પેન્ડીગ યુનીટ એકત્રીત થયેલ છે. આ તબ્બકે અરજદાર ને અપાયેલ ૧૭૦૩૧ યુનીટ નુ રૂ.૧,૩૮,૨૬૪/૬૨ નુ બીલ તેમજ તેનુ DPC રદ કરવાની પીજીવીસીએલ ને સુચના આપવામા આવે છે.

૪.૬ સદર કેઈસ મા, એમ.આર.આઈ. અહેવાલ મુજબ– છેલ્લા ૧૨ માસીક ડેટા અને મીટર રીડર દ્વારા અપાયેલ વીજબીલ મુજબ નોંધાયેલ યુનીટનો અભ્યાસ કરતા – મીટર રીડર દ્વારા લેવાયેલ રીડીગ ખોટા હોય, તેમજ પીજીવીસીએલ પક્ષકાર પાસે એવી કોઈ જ સાબિતી ન હોય કે – કયા સમયગાળા થી સદર ખોટા રીડીગ લઈને પેન્ડીગ યુનીટ રખાયેલ છે. સદર અરજદારનુ વીજ મીટર લેઝર મુજબ – વીજબીલીગ સમયગાળો માહે મે–જુન–૧૩ બીલ્ડ ઈન – માહે જુલાઈ–૨૦૧૩ બદલેલ છે.જે અનુસંધાને વિગતે તપાસતા સદર અરજદારનુ વીજ મીટર તા.૨૦–૦૫–૧૩ ના રોજ ચેકીગ શીટ નં. – પીસીડી/૧૨/૧૪૪૦૦ થી મીટર બદલેલ છે. વીજ મીટર મુકેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| Particulars | Old Meter replace Dt.20-05-13 | New Meter install Dt.20-05-13 |
|---|---|---|
| Make | Simco | Genus |
| Meter No | 1202701871 | 01S02712 |
| Capacity | 10-40 A | 05- 30A |
| C. Reading | 03746 | 00000 |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

જેથી, સદર કેઈસ મા, અરજદાર નુ સવાલવાળુ વીજ મીટર તા.૨૦–૦૫–૧૩ મુકેલ છે, ત્યારથી મીટર બદલાવ્યા તારીખ : ૧૧–૦૪–૧૯ સુધીમા પડતર રહેલા ૧૭૦૩૧ યુનીટ ને અપાયેલ દ્રીમાસીક વીજબીલોમાં સમાન ભાગે વિભાજીત કરીને – જે તે સમયના લાગુ પડતા ટેરીફ મુજબ રીવાઇઝ બીલ બનાવવુ. તેમજ તે અન્વયે નુ સુવ્યવસ્થિત ગણતરીપત્રક અરજદાર ને અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૩૦ માં લેખીત પત્ર દ્વારા અરજદાર ને મોકલાવવા સામેવાળા ને સુચના આપવામા આવે છે. જે બીલ અરજદારે ભરપાઈ કરવાનુ રહેશે.

૪.૭ સદર પ્રકારની ભુલ નુ પુનરાવર્તન ભવિષ્યમાં ન થાય, તે માટે યોગ્ય તકેદારી ના પગલા લેવા માટે સામેવાળા ને સુચના આપવામા આવે છે. સદર કેઈસ મા, આ પ્રકારની મીટર રીડીગની બેદરકારી માટે જવાબદાર કર્મચારી / અધિકારી વિરૂધ્ધ શિસ્તભંગ ની તેમજ મીટર રીડીગ એજન્સીને નોટીસ આપવાની તથા પેનલ્ટીની કાર્યવાહી કરવાની પીજીવીસીએલ ને સુચના આપવામા આવે છે.

૪.૮ સદર કેઈસ મા, ઉપરોક્ત મુદદા નં. ૪.૫, ૪.૬ અને ૪.૭ મુજબ ની વિગતેનો હુકમ કરવામા આવે છે.

૪.૯ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
**સભ્ય (સ્વતંત્ર)**

(જે.બી.પારેખ)
**ચેરપર્સન**

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot